


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૦-૦૩-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ફાગણ સુદ ૧૧ વર્ષ : ૨૮ અંક ૧૮૬

## ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અજય દહિયાના માર્ગદર્શનમાં તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ : વિવિધ જાહેરનામા બહાર પડાયા

# અમરેલી જિલ્લામાં લોકસભા ચૂંટણીની પ્રક્રિયાનો પ્રારંભ

### જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને પ્રિન્ટીંગ પ્રેસના માલિકો-સંચાલકોની બેઠક યોજાઇ : વચગાળાના જામીન લેવાની, કેસો ચલાવવાની સત્તાઓ તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને સોંપાઇ

### જિલ્લામાં આગામી તા.30 માર્ચ સુધી સભા સરઘસ અને હથિયારબંધી : વિવિધ રાજકીય પક્ષો, ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે સભા, સરઘસ, સમારંભો અને લાઉડ સ્પીકર વગાડવાની અગાઉ મંજૂરી મેળવવી પડશે

અમરેલી, (ડેસ્કરિપોર્ટર) લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ની આદર્શ આચાર સંહિતાના સુચારુ અમલીકરણ માટે અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ અમરેલી જિલ્લાના પ્રિન્ટીંગ પ્રેસના માલિકો/ સંચાલકો સાથે એક બેઠક યોજી હતી.નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સકસેનાએ, લોકપ્રતિનિધિ એક્ટ અંતર્ગત આ કાયદાની જોગવાઈ અને તેના અમલીકરણ ન થવા પર થતી કાર્યવાહી અંગે વિગતો આપી હતી.

આ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓની કામગીરીનું ભારણ ધ્યાને લેતા ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ ૧૦૮, ૧૦૯, ૧૧૦હેઠળ વચગાળાના જામીન લેવાની, કેસો ચલાવવાની ન્યાયિક કામગીરી સત્તાઓ જિલ્લા સબ ડીવીઝનના સંબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને સોંપવામાં આવી છે તેમ અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની એકયાદીમાં જણાવવામાં આવ્યુ છે.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (વર્ષ ૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લા ચૂંટણી (અનુ. પાના નં.૬)

## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ. ધીરૂભાઇ જીવાભાઇ બસીયા**
**સ્વ. તા.૧૫-૦૩-૨૦૨૪, શુક્રવાર**

જીવન એવું જીવ્યા કે ભુલાય નહી, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહી,
હસતો રાખી ચહેરો ધુપસળી જેવું જીવન જીવી ગયા,
આપનો પરોપકારી સ્વભાવ કદી ભુલાશે નહી.
ભગવાન સુરજનારાયણ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
પુંજભાઇ જીવાભાઇ બસીયા
રઘુભાઇ ધીરૂભાઇ બસીયા
જયરાજભાઇ પુંજભાઇ બસીયા
સંજયભાઇ પુંજભાઇ બસીયા
મહિપતભાઇ જેઠુરભાઇ બસીયા
ગામ : કાઠમા, તા.જી.અમરેલી

એક એવી શાળા કે
જ્યાં ભણવાનું ગૌરવ થાય..
નિત્યમ વિધા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં
બાલમંદિરથી ધોરણ - ૧૨ (સાયન્સ, કોમર્સ, આર્ટસ)
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ










૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૭,૯૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૯-૦૩-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.




યોજના - ૧
વાર્ષિક લવાજમ
માત્ર રૂપીયા
૭૯૯/-
માં વર્ષભર મેળવો
અવધ ટાઇમ્સ

વાર્ષિક લવાજમ યોજના
सत्यमेव जयते
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
આજે જ આપના ગામના, આપની નજીકના અવધ ટાઇમ્સના અધિકૃત
એજન્ટ પાસે લવાજમ ભરી વર્ષભર મેળવો ખબરોનો ખજાનો ઘરબેઠા

યોજના - ૨
વાર્ષિક લવાજમ
૮૫૦/-
સાથે મેળવો
ઇન્સ્યુલેટેડ
વોટર બોટલ

લવાજમની મુદત તા.૧-૪-૨૪ થી ૩૧-૩-૨૦૨૫
વધુ માહિતી માટે સંપર્ક કરો :- (૦૨૭૯૨) ૨૨૩૮૯૬, ૨૨૪૮૯૬
અવધ ટાઇમ્સનું લવાજમ કાર્યાલય ઉપર પણ સ્વીકારાય છે | અમરેલીમાં અવધ ટાઇમ્સ મેળવવા માટે : નિર્મળ ન્યુઝ મો.૯૪૨૬૨ ૧૯૬૨૦

# અવધ ટાઈમ્સ લવાજમ યોજનાનો લક્કી ડ્રો યોજાયો

**અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે યોજાયેલા અવધ ટાઈમ્સ વાર્ષિક લવાજમ યોજનાનાં ડ્રો માં લક્કી વિજેતાઓ જાહેર કરી રહેલા એજન્ટ મિત્રો અને મહાનુભાવો**




અવધ ટાઈમ્સ દૈનિક દ્વારા પરંપરા મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ વાર્ષિક લવાજમ યોજનાનો ડ્રો અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે યોજાયો હતો. તે પ્રસંગે અવધ ટાઈમ્સ દૈનિકનાં એજન્ટ મિત્રો અને વિવિધ ક્ષેત્રનાં આગેવાનો, મહાનુભાવોએ ટીકીટ ખેંચી લક્કી વિજેતાઓ જાહેર કર્યા હતાં તે વેળાએ તસવીરમાં નજરે પડે છે.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૦-૦૩-૨૦૨૪ બુધવાર

# ભારતે કેવા કાયદા બનાવવા એ અમેરિકાએ નક્કી કરવાનું છે? જગતકાજી તું તારું કર...!

દુનિયામાં એકતરફ ચીન આર્થિક ને લશ્કરી બંને રીતે જબદરસ્ત તાકાત જમાવીને મહાશક્તિશાળી બની ગયું છે ત્યારે બીજી તરફ રશિયા પણ ભૂતકાળની પોચટ છોડીને પાછું તેના અસલી રંગમાં આવી રહ્યું છે. રશિયા અને ચીન નવી ધરી રચીને સાઉદી અરેબિયા, યુએઈ, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ સહિતના દેશોને પોતાની તરફ વાળી રહ્યાં છે તેના કારણે અમેરિકાનાં વળતાં પાણી થઈ રહ્યાં છે તોય જગત જમાદાર બનવાના ધખારા જતા નથી.

અમેરિકા હજુ ભૂતકાળના એ ભવ્ય દિવસોમાં જ છે કે જ્યારે આખી દુનિયામાં તેનો પડ્યો બોલ ઝીલાતો અને અમેરિકા કહે એ સવા વીસ ગણાતું. દુનિયાના કોઈ પણ દેશમાં કંઈ પણ બને પણ તેના વિશે બોલવાનો પોતાને અબાધિત અધિકાર છે એવા ભ્રમમાં જ અમેરિકા રાચે છે ને તેનું તાજું ઉદાહરણ સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) અંગેની કોમેન્ટ છે.

અમેરિકાએ અંગે ચિંતા વ્યક્ત કરીને ડહાપણ ડહોળ્યું છે કે, ભારતમાં સીએએના અમલ અંગે અમેરિકા ચિંતિત છે કેમ કે ધાર્મિક સ્વતંત્રતા અને સમાનતા એ લોકશાહીનો પાયો છે. યુએસ સીએએ અંગે પહેલેથી ચિંતિત છે અને તેનો અમલ કેવી રીતે થાય છે તેના પર નજર રાખી રહ્યું છે. અમેરિકાએ આડકતરી રીતે ભારતને ચીમકી આપી છે કે, અમેરિકા ક્યારેય પોતાના સિદ્ધાંતો નહીં છોડે તેથી ભારત ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે કોઈ બાંધછોડ ના કરે કે કોઈને અન્યાય પણ ના કરે.

અમેરિકાની વાત તેના બેવડાં ધોરણોનો નાદાર નમૂનો છે. પહેલી વાત તો એ કે, સીએએ ભારતનો આંતરિક મામલો છે ને તેના વિશે અમરિકાને કે કોઈને પણ અધિકાર જ નથી. ભારતે કોને નાગરિકતા આપવી ને કોને ના આપવી એ અમેરિકા કે બીજું કંઈ નક્કી ના કરી શકે.

ભારતની નરેન્દ્ર મોદી સરકારે સાડા ચાર વર્ષ પહેલાં સંસદમાં સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) પસાર કર્યો હતો. હવે સીએએ માટેના નિયમો ઘડ્યા છે અને ૧૧ માર્ચે સીએએના નિયમો અંગેનું જાહેરનામું પાડ્યું છે. આ નિયમો અંતર્ગત સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ)નો લાભ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બંગલાદેશના હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયોના લઘુમતીઓને મળશે.

૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલાં ભારતમાં આવેલા અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બંગલાદેશના હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયોના લોકોને ભારતની નાગરિકતા અપાશે. આ નાગરિકતા આપવામાં સ્વતંત્રતા ને સમાનતાની વાત ક્યાંથી આવી ? દુનિયાનો દરેક દેશ કોને નાગરિકતા આપવી અને કોને ના આપવી એ અંગે પોતાની પતે કાયદા બનાવે છે ને તેનો અમલ કરે છે. ભારતે પણ એવો કાયદો બનાવ્યો ને અમલ કર્યો કેમ કે ભારતનો આ અધિકાર છે. હવે ભારતે કાયદા પણ અમેરિકાને પૂછીને ?

ભારતે આ કાયદો બનાવવો પડ્યો કેમ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બંગલાદેશમાં રહેતા લઘુમતીઓની હાલત દયનિય છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બંગલાદેશમાં ધાર્મિક આધાર પર લઘુમતીઓને નિશાન બનાવાય છે અને તેમના પર અત્યાચાર ગુજારાય છે તેથી એ લોકો ભાગીને ભારત આવે છે. આ રીતે ભારતમાં આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને સમુદાયના લોકોને નાગરિકતા આપવાનો નિર્ણય ભારતે લીધો કેમ કે તેમને હૂંફની જરૂર છે.

અમેરિકાએ ખરેખર તો પાકિસ્તાન, બંગલાદેશને અફઘાનિસ્તાનની સરકારોને લઘુમતીઓની દયનિય હાલત વિશે સવાલ કરવાનો હોય. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશમાં ધાર્મિક સ્વતંત્રતા ને સમાનતાની બોન પૈણાઈ ગઈ છે ને અમેરિકા બેન્ડવાજાં ભારતમાં વગાડે છે. આ ત્રણેય દેશોને ધાર્મિક સ્વતંત્રતા સમાનતા માટે કહેવાના બદલે અમેરિકા આપણને ઉપદેશ આપવા બેઠું છે.

અમેરિકાનું વલણ ડાહી સાસરે જાય નહીં ને ગાંડી ને શિખામણ આપે એવું છે. અમેરિકામાં આજેય બ્લેક લોકોને સેકન્ડ ક્લાસ સિટિઝનશિપ ગણવામાં આવે છે. ભલા માણસ, સમાનતાની એટલી જ ચિંતા હોય તો તેમને પહેલાં સમાન અધિકારો અપાવો. અમેરિકામાં વિદેશથી આવેલા સાથે કેવા વ્યવહાર ને કેવા ભેદભાવ થાય છે એ આપણી નજર સામે જ છે પણ બ્લેક પ્રજા તો ત્યાંની જ છે છતાં અમેરિકાના ગોરીયા તેમને ધૂત્કારે છે. એ વખતે અમેરિકાને સમાનતા કે સવિતા કશું યાદ આવતું નથી.

અમેરિકામાં ૨૦૨૧માં જ્યોર્જ ફ્લોયડનો કિસ્સો બહુ ગાજેલો. કાળી ચામડી હોવાના કારણે જ્યોર ગોરા અધિકારીએ બરહેમીથી ફટકાર્યો અને તરફડીને મરવાની ફરજ પાડી. આ અમેરિકાની સમાનતા છે. આ તો એક કિસ્સાની વાત કરી પણ આવું તો છાસવારે બન્યા જ કરે છે. અત્યારે જ અમેરિકામાં હિંદુઓને નિશાન બનાવીને શીખ કટ્ટરવાદીઓ હુમલા કરાવે છે, હિંદુ ધર્મસ્થાનોને પણ નિશાન બનાવે છે. અમેરિકાની ધાર્મિક સ્વતંત્રતા ક્યાં જતી છે? દુનિયાના બીજા દેશોને કઈ રીતે વર્તવું ને શું કરવું તેની શિખામણો આપવી છે ને પોતાને ત્યાં ચાલતું પોલંપોલ રોકવું નથી, આ અમેરિકા છે.

જોકે ભારતને કે દુનિયાના બીજા દેશોને પણ અમેરિકા શું કહે છે તેનાથી હવે કોઈ ફરક પડતો નથી કેમ કે આ ૧૯૮૦ કે ૧૯૯૦નો દાયકો આ એકવીસમી સદી છે ને એકવીસમી સદીમાં દુનિયા પણ બદલાઈ ગઈ છે, દુનિયાના દાદા પણ બદલાઈ ગયા છે.

અમેરિકાએ પહેલાં પણ સીએએની પારાયણ માંડી હતી. અમેરિકા દર વર્ષે ધાર્મિક સ્વાતંત્ર્ય અંગેનો રિપોર્ટ બહાર પાડે છે. ૨૦૧૯માં સીએએ પસાર કરાયો પછી ૨૦૨૧ના રિપોર્ટમાં સીએએ સામેના વિરોધમાં થયેલાં ધરણાંથી માંડીને તેના દિલ્હીમાં ફાટી નીકળેલા તોફાનો સુધીની વાતોનો ઉલ્લેખ કરાયો હતો. મોદી સરકારે પસાર કરેલા સીએએમાં શું છે, તેના વિશે ખ્રિસ્તી, મુસ્લિમ સંગઠનો શું માને છે તેની લાંબી લાંબી કથા અમેરિકાએ કરેલી. સીએએના વિરોધ મુદ્દે મોદી સરકારનું શું કહેવું છે એ બધી વાતો આ રીપોર્ટમાં લંબાણપૂર્વક આવરી લેવાઈ હતી.

આ બધી અંતે અમેરિકાએ સીએએનો અમલ નહીં કરવા માટે આડકતરી ચીમકી આપેલી કે. ધાર્મિક લઘુમતીઓના અધિકારોનં જતન કરવાની જવાબદારી ભારત સરકારની છે ને તેમાં જરાય આમતેમ થશે તો અમેરિકા નહીં ચલાવી લે. અમેરિકા ધાર્મિક સ્વાતંત્ર્યના મામલે બહુ સંવેદનશીલ છે ને દુનિયામાં ક્યાંય પણ ધાર્મિક સ્વાતંત્ર્ય પર ખતરો હોય તો અમેરિકા ચૂપ રહે. ભારતમાં પણ અત્યારે આ જ સ્થિતિ છે તેથી અમેરિકા આ બધું નહીં ચલાવી લે. અમેરિકાની ચીમકી છતાં મોદી સરકારે સીએએનો અમલ કરી નાંખ્યો. અમેરિકા એ હવે થાય તે કરે. ભારત એનાથી નિર્ભય છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૦.૩.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ ફાગણ સુદ અગિયારસ, પુષ્ય નક્ષત્ર, અતિ. યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

### શનિ મંગળ યુતિ અકસ્માતોની શૃંખલા સર્જી રહી છે

અગાઉ અત્રે લખ્યા મુજબ ભારતીય નેવીએ અરબી સમુદ્રમાં મધદરિયે એન્ટી પાઈરસી અભિયાન અંતર્ગત અપહૃત જહાજને ચાંચિયાઓની ચુંગાલમાં થી છોડાવ્યું છે વળી ૧૨ માર્ચ થી અત્રે લખ્યા મુજબ ઘટનાક્રમ તેજ બન્યો છે અને વિવિધ એજન્સીઓ સક્રિય બની છે તો રાજનીતિમાં પણ ઘણા ઉલટફેર ચાલુ થઈ ગયા છે વળી શનિ મંગળ યુતિ શરુ થઈ ગઈ છે જે અકસ્માતોની શૃંખલા સર્જી રહી છે ખાસ કરી ને વાહનના કાચ ચકનાચૂર થઈ વેરાઈ રહ્યા છે જે શનિ મંગળ શુક્ર યુતિ અને મીનમાં સૂર્ય,બુધ રાહુ યુતિ દર્શાવી રહ્યા છે પાસે પાસેની બે રાશિમાં ત્રણ ત્રણ ગ્રહોની યુતિ બની રહી છે જે અકસ્માતથી સાવધાની રાખવા જણાવી



રહ્યા છે બીજી તરફ શનિનો ઉદય રાજનીતિમાં નવી સક્રિયતા દર્શાવી રહ્યા છે અને રાજા સૂર્ય વિવિધ આવક પર નજર રાખી રહ્યા છે!! તો મીનમાં રાહુ મહારાજ સમુદ્રની ઘટનાઓમાં તેજી લાવી ડ્રગ્સ થી લઈ ચાંચિયાગીરી અને તેની વિરુદ્ધના ઓપરેશન દર્શાવે છે સાથે સાથે આગામી દિવસોમાં સમુદ્રમાં યુદ્ધ કવાયત અને વધુ યુદ્ધ જહાજોની તૈનાતી દર્શાવે છે કેમ કે રાજા સૂર્ય પણ સમુદ્ર પર નજર રાખી રહ્યા છે અને આ સમયમાં ગ્રહોની વિશેષ ભાત વચ્ચે ૨૫ માર્ચના છાયા ચંદ્ર ગ્રહણ આવી રહ્યું છે જે દેખાવાનું નથી તેથી પાળવાનું નથી પરંતુ વ્યાપક રીતે વિશ્વમાં તેની અસર અવશ્ય જોવા મળશે અને વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીનું પ્રભુત્વ વધતું જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો,મુસાફરી થાય,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો .ભાઈ ભાંડુ સુખ સારું રહે,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,શુભ દિન.
કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્ન ના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું,મતભેદ નિવારવા સલાહ છે,મધ્યમ દિવસ.
કન્યા (પ ,ઠ ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.દિવસ સારો રહે.
તુલા (ર,ત) સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે ,નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથમાં આવે.
ધન (ધ,ભ,ફ,ઢ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશ થી સારા સમાચાર મળે,જુના મિત્રોને મળવાનું થાય.
મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,શુભ દિન.
કુંભ (ગ,સ,શ) :ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે , તબિયતની કાળજી લેવી,વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,શુભ દિન.

## મહુવા જેતપુર નેશનલ હાઇવે ઉપર ઓળીયા ગામે રોડ જેતે સ્થિતિએ નહીં રાખવામાં આવે તો

# ઓળીયાના ગ્રમાજનો દ્વારા લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરાશે

### સાંસદે ખેડૂતોની જમીનમાંથી ખોટી રીતે બાયપાસ કઢાવીને જમીનો કપાવ્યાના આક્ષેપ કરાયા

અમરેલી,
અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે મહુવા જેતપુર સ્ટેટ રોડને નેશનલ હાઈવે નંબર ૩૫૧ જાહેર કરેલ છે. જે જમીન સંપાદન કરવા ભારત સરકાર દ્વારા તા.૧૯-૧-૨૧થી ૩-એનું જાહેરનામુ દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ કરેલ હતું. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ઓળીયા ગામના ખેડૂતોને સાથે રાખી હાલ જે સ્ટેટ રોડ છે. તે મુળ જગ્યાએ બે થી ત્રણવાર સર્વે કરેલ હતો અને ઓળીયા ગામે હાલ જે સ્ટેટ રોડ છે તેને જો નેશનલ હાઈવે રોડમાં ફેરવવામાં આવે તો જગ્યાને લઈને કોઈ પણ પ્રકારની અડચણ ઉભી થાય તેમ નથી. અમરેલીના સાંસદના સસરા અને મામાનું ગામ ઓળીયા હોવાથી સતાના જોરે આયોજન પુર્વક ઓળીયા ગામે નેશનલ હાઈવે રોડને બિનજરૂરી બાયપાસ ઠરાવેલ છે. જેના કારણે ઓળીયા ગામના ખેડૂતોની જમીનમાંથી ખોટી રીતે બાયપાસ કઢાવીને જમીનો કપાવે છે અને ખેડૂતોની ખેતીલાયક જમીનો નષ્ટ કરાવે છે. જેથી ઓળીયા ગામે રોડ મુળ જે તે સ્થિતિએ નહીં રાખવામાં આવે તો ઓળીયા ગામના ખેડૂતો અને ગ્રામજનો આગામી લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરશે તે મતલબે ખેડૂતો અને ગ્રમાજનો દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી. જેમાં ગ્રામ પંચાયતના સરપંચ અંજુબેન બગડા, સુરેશભાઈ વાવીયા, દિનેશભાઈ ઝવેરભાઈ રાદડીયા, વિશાલ ચંદુભાઈ રાદડીયા, વિકાસ બી. પટોળીયા સહિત ખેડૂતો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો જોડયા હતાં. આવેદન પત્રની નકલ ધારાસભ્ય, પ્રાંત અધિકારી, મામલતદાર, કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નિતીનભાઈ ગડકરી સહિત લેખિત રજુઆતો કરેલ છે.

## મોટા ઉજળા ગામની લોકી તરીકે ઓળખાતી સીમમાં એલસીબી ત્રાટકી

# મોટા ઉજળાની સીમમાં જુગાર ધામમાં દરોડો : ૧૪ ઝડપાયા

### રોકડ, ૧૭ મોબાઇલ, બે ફોરવ્હીલ મળી પોણા નવ લાખ ઉપરાંતનો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) મોટા ઉજળા ગામની લોકી તરીકે ઓળખાતી સીમમાં લોકી મહાદેવના મંદિરની બાજુમાં પડતર કુવા પાસે જાહેરમાં જુગાર રમતા જયદિપ જીવાભાઈ વાળા રહે. અનીડા, પરબત જીવાભાઈ વિરાણી રહે. જેતપુર, રાજેશ ધીરજભાઈ ધડુક રહે. પીઠડીયા, ગોપાલદાસ ભકતીરામભાઈ અગ્રાવત રહે. સરધાર, પ્રકાશ મનસુખભાઈ સખાનંદી રહે. સમેગ્રા, મુસા ઉર્ફે મુસ્તાક ગુલાબભાઈ ધંધુકીયા રહે. નવાગઢ સામયીના, બળવંત દાનાભાઈ રૂણી રહે. જેતપુર, રોહિત રમેશભાઈ રામ રહે. સમેગ્રા, મનોજ ઉમાશંકરભાઈ લાલા રહે.



જેતપુર, અમોદ મહમદભાઈ ગીરાય રહે. નવાગઢ, સંજય હિરાલાલ કાનાબાર, દિનાનાથ નારાયણભાઈ સહાની રહે. જેતપુર વાળાને અમરેલી એલસીબીના હે.કોન્સ જાહિદ મહોમદ યુસુફભાઈ મકરાણીએ રોકડ રૂા.૧,૩૨,૪૦૦, મોબાઈલ નંગ ૧૭ રૂા.૯૩,૫૦૦, બેઈકો ફોરવ્હીલ રૂા.૬,૫૦,૦૦૦ મળી કુલ રૂા.૮,૭૫,૯૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જયારે રેઈડ દરમિયાન જયરાજ સુરગભાઈ વાળા રહે. બરવાળા બાવળ તથા દેવા ઉર્ફે ભીખુ પુંજાભાઈ તરગલા રહે. કડેગીવાળા નાસી છુટયા હતાં.

# બગસરામાં અમરેલી એસઓજીએ દેશી તમંચા સાથે એકને ઝડપી લીધો

### તમંચો અને બે જીવતા કાર્ટિશ મળી કુલ રૂા.૨૭૦૦નો મુદામાલ કબ્જે લીધો



અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બગસરામાં અમરેલી એસોજીના એએસઆઈ સંજયભાઈ પરમારે બાદલ હસનભાઈ સૈયદને ગેરકાયદેસર દેશી બનાવટનો તમંચો કોઈ લાયસન્સ કે પરવાના વગર બે જીવતા કાર્ટિસ મળી રૂા.૨૭૦૦નો મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

# અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૧૫ શરાબીઓને પોલીસે ઝડપી પાડયા

### જિલ્લામાં ૧૫ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડી ૭ મહિલાઓ સહિત ૧૩ની ઝડપી લીધા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)
અમરેલી જિલ્લામાં જુદા જુદા ૧૫ સ્થળોએ પોલીસે દેશી દારૂના દરોડાઓ પાડી ૭ મહિલાઓ સહિત ૧૩ શખ્સોને ઝડપી પાડયા હતાં જયારે અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએ ૧૫ શખ્સોને નશો કરેલી હાલતમાં ઝડપી લઈ સરભરા કરી જેલની હવા ખવડાવી હતી. જેમાં નશો કરેલી હાલતમાં દામનગર, મરીન પીપાવાવ, જાફરાબાદ, ધારી, બાબરા, સાવરકુંડલા રૂરલ, સાવરકુંડલા ટાઉન પોલીસે કાર્યવાહી કરી હતી. જયારે દેશી દારૂમાં દામનગર, મરીન પીપાવાવ, લાઠી, ધારી, જાફરાબાદ મરીન, વંડા, બાબરા, રાજુલા, અમરેલી તાલુકા પોલીસે મહિલાઓ સહિત ૧૫ને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

### જાફરાબાદમાં હુમલો

અમરેલી,
જાફરાબાદ સામા કાંઠે રહેતા કૌશિકભાઈ કિશોરભાઈ બારૈયા ઉ.વ.૨૮ જાફરાબાદ પ્લાઝા કોમ્પ્લેક્ષ પાસે ઉભા હોય તે વખતે શોકિન દાદુભાઈ કાજી હાથમાં લાકડાનો ધોકો લઈ આવી કહેલ કે મારી સામે કેમ જોવે છે તેમ કહી ગાળો બોલી આડેધડ મારમારી ધમકી આપ્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં રૂા.૬૨.૪૦ કરોડના રોડ રસ્તાના કામો મંજુર થતાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સુતરીયાએ આભાર વ્યકત કર્યો

### જિલ્લાના ધારાસભ્યો સહિત પદાધિકારીઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી

અમરેલી,અમરેલી જિલ્લામાં રિસર્ફે શિંગ, વિવિધ ગામતળ વિસ્તારમાં સીસી રોડ, સ્ટ્રકચર, કન્સ્ટ્રકશન અને રોડ ફર્નિચરની કામગીરી માટે સરકાર માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૬૨.૪૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે. આ તકે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયાના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ વાળી ડબલ એન્જીનની સરકાર સશકત અને સુવિધા યુકત માળખાના નિર્માણ અર્થે નિરંતર સેવારથ કટિબધ્ધ છે. ત્યારે અમરેલી જિલ્લા માટે માતબાર રકમ મંજુર કરતા જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયાએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારસભ્યો મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયાનો આભાર વ્યકત કર્યો હતો. અમરેલી-સાવરકુંડલા-રાજુલા રોડ ૦.૦થી ૦.૩૦૦ અને ૦.૬૦૦ થી ૧.૬૦૦ રિસર્ફે શિંગ સીસીરોડ ૨.૫૦ કરોડ, ચાંવડ-લાઠી-અમરેલી-ધારી-કોડીનાર રોડ ૩૨/૨૦૦થી ૩૩/૫૦૦ અને ૩૪/૪૫૦ થી ૩૭/૦૦ ૧૨.૧૦ કરોડ, ધારી-કુબડા-ગોવિંદપુર રોડ ૦/૦થી ૧૦/૫૦ રિસર્ફેશિંગ ગામતળ વિસ્તારમાં સીસીરોડ તથા રોડ ફર્નિચરની કામગીરી ૫.૫૦ કરોડ, ધારી-કોઠાપીપરીયા-ભાડેર-મોણવેલ રોડ ૦/૦૦ થી ૧૧/૦૦ રિસર્ફેશિંગ ગામળત વિસ્તારમાં સીસીરોડ કિ.મી.૧/૬-૮માં સ્ટ્રકચર કન્સ્ટ્રકશન તથા રોડ ફર્નિચરની કામગીરી ૮.૦૦ કરોડ, મોટા ભમોદ્રા-નાળ-રબારીકા ૦/૦૦થી ૧૧/૦૦ રિસર્ફોશિંગ ગામતળ વિસ્તારમાં સીસીરોડ તથા રોડ ફર્નિચરની કામગીરી ૪.૨૫ કરોડ, બગસરા-ચલાલા-સાવરકુંડલા રોડ ૨૭/૦૦ થી ૩૫/૦૦ રિસર્ફેશિંગ ગામતળ વિસ્તારમાં સીસીરોડ તથા રોડ ફર્નિચરની કામગીરી ૪.૫૫ કરોડ, અમરેલી-સાવરકુંડલા રોડ ૨૮/૫૦૦થી ૩૫/૩૦૦ રિસર્ફેશિંગ સીસીરોડ ૧૬.૦૦ કરોડ, મોટા આંકડીયા-પાટખીલોરી રોડ ૪/૫૦૦થી ૯/૦૦ અને ૧૩/૦૦થી ૧૮/૧૦૦ રિસર્ફેશિંગ ગામતળ વિસ્તારમાં સીસીરોડ તથા રોડ ફર્નિચરની કામગીરી માટે ૧૯.૫૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે.

# બાબરામાં જુગાર રમતા ત્રણ મહિલા સહિત પાંચ ઝડપાયા

### પોલીસે રોકડ રૂપિયા ૧૧ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી,બાબરામાં જાહેરમાં જુગાર રમતા જયશ્રીબેન ભરતભાઈ મકવાણા, રસિલાબેન અરવિંદભાઈ રોલેસીયા, ગીતાબેન કાંતિભાઈ પાટડીયા, મયુર બાલાભાઈ રંગપરા, ભાયા ભુરાભાઈ રાતડીયાને પો.કોન્સ મહાવીરસિંહ સિંધવએ રોકડ રૂા.૧૧,૨૨૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# સાવરકુંડલામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

### અજેન્દ્રપ્રસાદજી મહારાજના અમૃત મહોત્સવ પ્રસંગે આયોજન



અમરેલી,શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ અને સનાતન પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્ર પ્રસાદજી મહારાજના અમૃતમહોત્સવ એટલે કે ૭૫ વર્ષના ઉપલક્ષમાં પ.પુ.૧૦૮ ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી લોકહિતાર્થે તા. ૧૭-૩-૨૪ રવિવારના સવારના ૯ થી ૧૨ એક જ સમય એક જ તારીખે સમગ્ર ગુજરાતમાં ૧૦૭ જગ્યાએ તેમજ ભારત , અમેરીકા, ઓસ્ટ્રેલીયા, આફ્રીકા, ઈંગ્લેન્ડ, દુબઈ, જર્મની અને કેનેડા જેવા દેશોમાં આંતરરાષ્ટ્રીય મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે સાવરકુંડલા પટેલ સમાજની વાડીમાં ૧૫૪ યુનીટ મહતમ રકતદાન ભકતો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિપ પ્રાગટય એસ.પી. સ્વામિ ગઢડા તથા સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી , ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ડો. દિપકભાઈ શેઠ તેમજ વિનુભાઈ , સામાજીક આગેવાન પરષોતમભાઈ કાનાણી , કેળવણીકાર પ્રતાપભાઈ ખુમાણ , પટેલ વાડીના પ્રમુખ ઘનશ્યામભાઈ જયાણી, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ તેમજ વિવિધ સામાજીક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ગોરધનભાઈ કાનાણી, જયંતિભાઈ જયાણી, રમેશભાઈ રાદડીયા, પ્રકાશદાદા સહિતે જહેમત ઉઠાવી હતી.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૩૦ થી ૧૫૮૭ મગફળી ૯૧૦ થી ૧૩૦૪

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૮૫-૧૨૧૧
શિંગમોટી-૯૧૦-૧૩૦૪
ધાણી-૧૨૩૦-૧૯૫૦
તલસફેદ-૨૫૪૫-૨૭૯૫
તલકાશ્મીરી-૪૦૫૦-૪૧૫૯
એરંડા-૧૦૦૦-૧૧૨૫
ઘઉંટુકડા-૪૨૬-૬૩૦
ઘઉંલોકવન-૪૦૦-૫૪૩
મરચાલાંબા-૭૧૦-૬૪૫૦
ચણા-૯૩૫-૧૧૧૩
કપાસ-૧૦૩૦-૧૫૮૭
રાય-૧૦૦૦-૧૦૦૫
જીરૂ-૩૫૦૦-૫૫૫૦
ધાણા-૧૨૩૦-૧૯૫૦
સોયાબીન-૮૧૮-૮૭૦
તુવેર-૧૨૦૦-૧૯૦૫
રાયડો-૮૬૦-૯૦૬

**અમરેલી શાકભાજી**
બટેટા-૩૦૦-૩૬૦
રીંગણા-૪૦૦-૬૦૦
ફલાવર-૨૦૦-૩૦૦
કોબીઝ-૨૦૦-૨૮૦
ટમેટાં-૨૫૦-૪૦૦
વટાણા-૧૦૦૦-૧૧૦૦
ગાજર-૨૦૦-૩૨૦
મુળા-૨૦૦-૨૪૦
કાકડી-૩૨૦-૪૦૦
ગુવાર-૬૦૦-૧૩૮૦
દુધી-૨૦૦-૪૪૦
તુરીયા-૬૦૦-૮૨૦
ભીડો-૭૨૦-૮૦૦
આદુ-૨૦૦૦-૨૪૦૦
કોથમીર-૨૦૦-૫૦૦
મેથીભાજી-૩૨૦-૪૦૦
ટીંડોરા-૭૦૦-૮૦૦
લીમડોમીઠો-૧૦૦-૧૩૦
મરચાલીલા-૫૦૦-૮૦૦
લસણસુકું-૧૬૦૦-૨૩૮૦
લીંબુ-૧૪૦૦-૨૨૦૦
પાલક-૩૦૦-૪૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૧૦-૫૩૭
જુવાર-૪૩૫-૯૫૦
ઘઉં-૪૫૧-૫૯૪
અજમા-૨૭૦૧-૨૭૦૧
ચણા-૧૦૩૫-૧૧૦૦
તલસફેદ-૨૫૫૦-૨૭૫૦
મેથી-૧૨૦૧-૧૨૦૧
રાય-૧૧૨૫-૧૧૫૦
કપાસ-૧૦૦૦-૧૬૦૦
તુવેર-૧૩૫૫-૧૯૪૦
એરંડી-૧૦૦૦-૧૦૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૧૧-૬૫૮
ડુંગળીલાલ-૧૧૧-૩૧૪
ડુંગળીસફદે-૨૦૦-૨૭૫
તલસફેદ-૨૩૦૧-૨૪૦૦
તુવેર-૧૫૨૫-૧૮૨૦
જીરૂ-૨૭૫૦-૫૪૪૦
ચણા-૮૦૦-૧૦૯૬
નાળીયેર-૫૦૫-૧૬૫૮
મગ-૧૯૩૨-૨૨૯૫
કપાસ-૧૩૧૩-૧૫૪૮
સોયાબીન-૮૮૦-૮૬૧

**બાબરા**
કપાસ-૧૩૨૦-૧૬૧૦
ધાણા-૧૨૩૦-૧૭૭૦
ચણા-૧૦૬૫-૧૧૧૫
ઘઉં-૪૪૯-૫૬૧
મેથી-૧૦૪૦-૧૧૬૦
જીરૂ-૪૧૬૫-૪૮૭૫
મગફળી-૧૧૫૫-૧૨૦૫
તુવેર-૧૪૯૦-૧૭૪૦

**ધારી**
કપાસ-૧૧૫૧-૧૫૪૧
તુવેર-૧૫૧૦-૧૭૦૧
મેથી-૧૧૨૫-૧૧૨૫
એરંડા-૧૦૮૦-૧૦૮૩
ચણા-૯૯૫-૧૦૭૩
ઘઉં-૪૩૯-૫૫૫
સફેદચણા-૧૧૦૦-૧૧૦૦
સોયાબીન-૭૮૦-૭૮૦
ધાણા-૧૧૫૦-૧૪૧૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૯૬૬-૧૨૧૩
તલકાળા-૨૪૦૦-૨૭૦૦
જીરૂ-૩૩૦૦-૪૯૦૦
તુવેર-૧૫૭૫-૧૯૦૧
કપાસ-૧૩૫૧-૧૫૮૫
ઘઉં-૪૩૮-૬૬૧
મેથી-૯૦૦-૧૧૦૦
ધાણા-૧૪૨૧-૨૪૦૦
ચણા-૧૦૦૦-૧૧૪૫
રાયડો-૮૨૫-૧૦૦૦
જુવાર-૫૦૦-૯૦૩

**ખાંભા**
કપાસ-૧૩૭૦-૧૫૮૫
મગફળી-૧૦૦૦-૧૦૦૦
ચણા-૧૦૫૦-૧૦૯૫
ધાણા-૧૩૦૦-૧૫૨૫
તલસફેદ-
ઘઉં-૫૪૬-૫૪૬
જુવારપીળી-૫૦૦-૫૦૦
એરંડા-

**બગસરા**
તુવેર-૧૪૦૦-૧૯૧૯
તલસફેદ-૨૪૪૦-૨૫૧૦
ઘઉંલોકવન-૩૪૧-૪૬૬
ઘઉંટુકડા-૩૯૦-૪૮૦
સોયાબીન-૬૨૦-૮૧૮
ચણા-૮૨૫-૧૦૬૫
ધાણા-૧૦૦૦-૧૪૩૫
રાયડો-૭૫૦-૭૫૦
બાજરો-૩૦૦-૪૦૭
મેથી-૮૨૧-૯૭૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૦૦
દાડમ-૪૦૦-૧૦૦૦
મુસંબી-૫૦૦-૭૦૦
સંતરા-૫૦૦-૧૨૦૦
કીવી-૩૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૨૦૦
માલટા-૫૦૦-૭૦૦
ટેટી-૩૦૦-૬૦૦
કેળા-૪૫૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૩૬૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૪૦૦
અનાનસ-૯૦૦-૧૧૦૦

**લીલીયા**
કપાસ-૧૧૦૫-૧૫૨૦

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૭
ન્યુનતમ તાપમાન ૧૯
ભેજનું પ્રમાણ ૪૩
પવનની ગતિ સરેરાશ-.૪.૦

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઈમ્સ
સૌરાષ્ટ્ર


**આસ્થા સ્કીન કલીનીક**
ડો. જયશ્રીબેન પટેલ Mo. 99093 18606
ઉપલબ્ધ સારવાર
ખીલ, ખીલના કાળા ડાઘ, ધાધર-ખસ-ખરજવુ, વાળ ખરવા-કસમયે વાળ સફેદ થવા માથામાં ઉંદરી-ખોડો, માથામાં ટાલ પડવી, હર્પીસ-સોરાઈસીસ-ચામડી પરના મસા, મોઢાના ચાંદા, ચહેરાની દાઝ, શીળસ, એલર્જી, ગુમડા, કરોળીયા, સફેદડાઘ, નખ પાકવા જેવા ચામડી, નખ, વાળના રોગોની સારવાર.
સંજીવની કોમ્પલેક્ષ, પહેલો માળ, IDBI બેન્ક પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦, સાંજે ૫-૩૦ થી ૭-૩૦


BAJAJ FINSERV

**આશાપુરા ફર્નીચર**



માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

# અવધ ટાઇમ્સનાં ડ્રોમાં વિજેતા ગ્રાહકો

| નંબર | પા.નં. | વિજેતા ગ્રાહકનું નામ | ગામનું નામ | એજન્ટ | ઈનામ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૨૩૭૧૨ | સરદાર પાન પાર્લર | અમરેલી | નિર્મળ ન્યુઝ | ટીફીન બોક્સ |
| ૦૨ | ૬૧૯૫૭ | યાદવ બેટરી | રાજુલા | રમેશભાઈ ગઢીયા | આઈસ્ક્રિમ કપ સેટ |
| ૦૩ | ૦૪૨૨૭ | માધવ બેટરી | બગસરા | રૂપેશ રૂપારેલીયા | સ્નેક્સ સેટ |
| ૦૪ | ૨૯૦૨૨ | ઉમીયા કીરાણા સ્ટોર | સાવરકુંડલા | પ્રદિપભાઈ દોશી | ટીફીન |
| ૦૫ | ૩૪૯૫૮ | અંકુર મોબાઈલ | બાબરા | મનોજ કનૈયા | વોટર જગ |
| ૦૬ | ૪૯૯૬૩ | સુરભી ડેરી | ધારી | ઉદય ચોલેરા | વોટર જગ |
| ૦૭ | ૪૨૦૩૫ | અલખદીપ ગેસ | વડીયા | ભીખુભાઈ વોરા | વોટર જગ |
| ૦૮ | ૩૫૭૦૮ | અજન્ટા ટેઈલર | અમરેલી | નિર્મળ ન્યુઝ | ફોટો ફ્રેમ |
| ૦૯ | ૪૪૫૧૯ | રૂપકલા હેર આર્ટ | જાફરાબાદ | રસુલખાન પઠાણ | આઈસ બાઉલ સેટ |
| ૧૦ | ૦૨૬૯૨ | અંધશાળા | અમરેલી | નિર્મળ ન્યુઝ | આઈસ બાઉલ સેટ |
| ૧૧ | ૫૮૧૮૩ | કસ્તુરબા ગાંધી વિદ્યાલય | રાજુલા | આકાશ ભટ્ટ | મગ સેટ |
| ૧૨ | ૪૨૦૦૬ | આદર્શ માધ્યમિક શાળા | તોરી | વિનુભાઈ કોટડીયા | મગ સેટ |
| ૧૩ | ૪૫૯૯૪ | ચુનીભાઈ સોળીયા | કેરીયાનાગસ | ભરતભાઈ હરખાણી | મગ સેટ |
| ૧૪ | ૫૪૬૪૧ | બાપાસીતારામ હોટલ | લીલીયા | બિપીનભાઈ રવાણી | મગ સેટ |
| ૧૫ | ૫૮૧૭૫ | નલીનભાઈ મિસ્ત્રી | મતિરાળા | સંજયભાઈ અમરેલીયા | મગ સેટ |
| ૧૬ | ૩૯૯૭૪ | ડો.પ્રવિણભાઈ વૈષ્ણવ | દલખાણીયા | યોગેશ સોલંકી | બાઉલ સેટ |
| ૧૭ | ૩૯૯૫૯ | રૂપકલા હેર સુલન | ઉના | નિરવ ગઢીયા | બાઉલ સેટ |
| ૧૮ | ૩૯૯૫૧ | નનુભાઈ રાણપરીયા | ચાંદગઢ | ગીરીશ ઠાકર | બાઉલ સેટ |
| ૧૯ | ૫૯૧૨૭ | કમલેશભાઈ મહેતા | આંબરડી | સુભાષ સોલંકી | બાઉલ સેટ |
| ૨૦ | ૫૪૬૧૪ | હસમુખભાઈ હપાણી | લીલીયા | બિપીન રવાણી | બાઉલ સેટ |
| ૨૧ | ૫૮૯૭૦ | કનકેશ્વરી એન્ટર પ્રાઈઝ | રાજુલા | આકાશ ભટ્ટ | બાઉલ સેટ |
| ૨૨ | ૬૨૦૪૩ | અમિતભાઈ ડેર | લાઠી | વિશાલ ડોડીયા | બાઉલ સેટ |
| ૨૩ | ૨૦૪૩૪ | રશ્મિનભાઈ બળદેવભાઈ | અકાળા | રાજુભાઈ વ્યાસ | બાઉલ સેટ |
| ૨૪ | ૬૦૫૭૬ | ધીરૂભાઈ ડાભી | પાંચતલાવડા | વિક્રમભાઈ ખુમાણ | બાઉલ સેટ |
| ૨૫ | ૬૦૫૮૨ | ભગીરથ પાન | વરૂડી | ઉસ્માન સૈયદ | બાઉલ સેટ |
| ૨૬ | ૪૦૦૪ | દિપકભાઈ પંડ્યા | બગસરા | સમીર વિરાણી | બાઉલ સેટ |
| ૨૭ | ૪૫૦૨૮ | જાનકીબેન દવે | હાથીગઢ | શ્રીકાંતભાઈ દવે | બાઉલ સેટ |
| ૨૮ | ૪૫૦૦૯ | થોભણભાઈ આજરા | બગસરા | નિલેશ તન્ના | બાઉલ સેટ |
| ૨૯ | ૪૩૯૨૦ | શિવ હેરકટીંગ | જાફરાબાદ | રસુલખાન પઠાણ | બાઉલ સેટ |
| ૩૦ | ૪૧૯૮૦ | વિજયભાઈ ચાવડા | વિજપડી | સમીર ખોખર | બાઉલ સેટ |
| ૩૧ | ૩૪૯૫૬ | બજરંગ પરોઠા હાઉસ | બાબરા | મનોજ કનૈયા | બાઉલ સેટ |
| ૩૨ | ૩૦૩૪૬ | પ્રેમજીભાઈ ચાવડા | હડાળા | અશોકભાઈ મણવર | બાઉલ સેટ |
| ૩૩ | ૪૦૩૬૯ | વૃદાંવન પેટ્રોલીયમ | કોટડાપીઠા | ગીરીશભાઈ મહેતા | બાઉલ સેટ |
| ૩૪ | ૪૦૩૭૯ | વિરજીભાઈ પી.કટારીયા | નાની કુંડળ | દિલીપભાઈ ભાલીયા | બાઉલ સેટ |
| ૩૫ | ૬૨૬૨૫ | મનસુખભાઈ ભગવાનભાઈ | ડુંગર | શામજીભાઈ વાઘેલા | બાઉલ સેટ |
| ૩૬ | ૬૨૦૧૬ | ક્રિષ્નાબેન ચામુંડા | દિવ | કમલેશભાઈ ચામુંડા | બાઉલ સેટ |
| ૩૭ | ૬૧૧૯૪ | મનસુખભાઈ ચાવડા | ગારીયાધાર | મનસુખભાઈ ચાવડા | બાઉલ સેટ |
| ૩૮ | ૬૧૭૯૮ | પરેશભાઈ ચોટલીયા | રાજુલા | રમેશભાઈ ગઢીયા | બાઉલ સેટ |
| ૩૯ | ૬૦૫૯૩ | આશિયા વસાયા | મહુવા | રહીમભાઈ વસાયા | બાઉલ સેટ |
| ૪૦ | ૫૯૨૭૦ | કમલેશપરી ગોસ્વામી | પીપાવાવ | કમલેશગીરી ગોસ્વામી | બાઉલ સેટ |
| ૪૧ | ૪૨૦૪૫ | અવધ પાન | બગસરા | નિલેશ તન્ના | બાઉલ સેટ |
| ૪૨ | ૪૦૩૫૬ | વિપુલભાઈ જે.જોષી | ગોઢાવદર | ભરતભાઈ વિંઝુડા | બાઉલ સેટ |
| ૪૩ | ૦૭૯૮૪ | રઘુવંશી ન્યુઝ | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૪૪ | ૩૩૦૦૦ | કૈલાસ મંડપ સર્વિસ | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૪૫ | ૩૨૯૯૭ | કવા શૈલેષભાઈ | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૪૬ | ૦૭૯૭૮ | રઘુવંશી ન્યુઝ | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૪૭ | ૨૦૪૨૪ | ભટ્ટભદ્રેશભાઈ | સાવરકુંડલા | પ્રદિપભાઈ દોશી | બાઉલ સેટ |
| ૪૮ | ૦૫૦૧૩ | રઘુવંશી ન્યુઝ | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૪૯ | ૦૦૫૨૬ | નાગરીક સહકારી બેંક લી. | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૫૦ | ૧૭૦૦૫ | અમૃતબા વિદ્યાલય | લીલીયા | મહેશભાઈ દવે | બાઉલ સેટ |
| ૫૧ | ૦૩૯૬૬ | અમરાભાઈ ચા વાળા | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૫૨ | ૦૭૯૫૩ | રઘુવંશી ન્યુઝ | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૫૩ | ૨૫૦૦૦ | દિવોભાઈ રામાનુજ | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૫૪ | ૧૦૦૪૭ | ડો.કાપડીયા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૫૫ | ૪૧૯૬૨ | વલ્લભભાઈ ગોઠડીયા | વિજપડી | સંજયભાઈ વાઘેલા | બાઉલ સેટ |
| ૫૬ | ૨૪૯૫૬ | દુષ્યંતભાઈ પંચોલી | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૫૭ | ૫૬૧૨૭ | હિતેષભાઈ પારેખ | જુનાગઢ | હિતેષભાઈ પારેખ | બાઉલ સેટ |
| ૫૮ | ૩૦૩૧૦ | દોશી નિધાન એન. | સાવરકુંડલા | પ્રદિપભાઈ દોશી | બાઉલ સેટ |
| ૫૯ | ૫૨૯૩૯ | રાજુભાઈ કાછડીયા | સરંભડા | હસુભાઈ રાવળ | બાઉલ સેટ |
| ૬૦ | ૦૩૯૮૮ | યોગેશભાઈ ગાંગડીયા | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૬૧ | ૩૨૪૧૬ | દોશી રીકાર વી. | સાવરકુંડલા | પ્રદિપભાઈ દોશી | બાઉલ સેટ |
| ૬૨ | ૦૫૧૫૬ | મેટ્રો ટાઈમ્સ | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૬૩ | ૩૬૧૧૭ | કિરીટભાઈ પંડ્યા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૬૪ | ૧૫૫૫૧ | બહાદુરભાઈ હિરાણી | ડેડાણ | બહાદુરભાઈ હિરાણી | બાઉલ સેટ |
| ૬૫ | ૧૦૦૪૯ | ઈશ્વરભાઈ સરપદડીયા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૬૬ | ૦૦૫૦૮ | ભવાનભાઈ એમ.ડોબરીયા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૬૭ | ૩૩૮૫૪ | જનરલ ઓટો | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૬૮ | ૩૫૭૨૯ | કૈલાશ હાર્ડવેર | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૬૯ | ૫૮૯૭૮ | મઢુલી હોટલ | રાજુલા | આકાશ ભટ્ટ | બાઉલ સેટ |
| ૭૦ | ૫૧૯૦૪ | જીતુભાઈ જોષી | ધારી | ઉદય ચોલેરા | બાઉલ સેટ |
| ૭૧ | ૨૪૯૬૪ | હિરાભાઈ પેંડાવાળા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૭૨ | ૩૮૪૯૫ | ઈકબાલભાઈ ગોગદા | બાબરા | મનોજ કનૈયા | બાઉલ સેટ |
| ૭૩ | ૪૪૫૪૬ | આમનાબેન પઠાણ | જાફરાબાદ | રસુલખાન પઠાણ | બાઉલ સેટ |
| ૭૪ | ૨૫૦૧૪ | ધનજજીભાઈ અજાણી | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૭૫ | ૦૬૮૬૧ | અલંગ | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૭૬ | ૦૨૬૭૧ | અનકભાઈ વાળા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૭૭ | ૫૫૦૪૩ | પ્રવિણબાપુ | ટીંબી | હિંમતભાઈ મહેતા | બાઉલ સેટ |
| ૭૮ | ૬૦૧૮૪ | ઈસુબેન | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૭૯ | ૧૫૫૮૬ | હસમુખભાઈ ચોટલીયા | વેરાવળ | સંજયભાઈ રાઠોડ | બાઉલ સેટ |
| ૮૦ | ૩૯૯૮૫ | અશ્વિનભાઈ ચુડાસમા | થોરડી | રસુલભાઈ પરમાર | બાઉલ સેટ |
| ૮૧ | ૧૫૫૮૮ | હાજી હુસેનભાઈ ઘાચી | વેરાવળ | સંજયભાઈ રાઠોડ | બાઉલ સેટ |
| ૮૨ | ૨૩૭૪૭ | આર.ડી.ઝાલા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૮૩ | ૬૦૫૯૮ | ધીરૂભાઈ મેટાળીયા | કરીયાણા | ધીરૂભાઈ જાદવ | બાઉલ સેટ |
| ૮૪ | ૫૧૯૩૭ | રાજ યુ.ચોલેરા | ધારી | ઉદલ ચોલેરા | બાઉલ સેટ |
| ૮૫ | ૫૯૨૮૫ | ફાલ્ગુની કે.ગોસ્વામી | કોવાયા | કમલેશપરી ગોસ્વામી | બાઉલ સેટ |
| ૮૬ | ૨૦૪૪૧ | શ્રીજી મોબાઈલ | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૮૭ | ૦૦૦૬૨ | સુનિલભાઈ જી.રાજયગુરૂ | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૮૮ | ૦૫૦૪૯ | ગુરૂકૃપા ખમણ | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૮૯ | ૦૯૦૦૯ | ભુમિકા સીડ્સ | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૯૦ | ૫૯૦૦૪ | જીતુદાદા તેરૈયા | રાજુલા | આકાશ ભટ્ટ | બાઉલ સેટ |
| ૯૧ | ૨૬૮૬૫ | પરેશ ઓટો ગેરેજ | સાવરકુંડલા | પ્રદિપભાઈ દોશી | બાઉલ સેટ |
| ૯૨ | ૨૦૪૦૪ | ભગીરથભાઈ બોરીસાગર | સાવરકુંડલા | પ્રદિપભાઈ દોશી | બાઉલ સેટ |
| ૯૩ | ૩૨૪૩૪ | દોશ પરીહા એન. | સાવરકુંડલા | પ્રદિભાઈ દોશી | બાઉલ સેટ |
| ૯૪ | ૦૯૦૨૮ | જોષી માધવભાઈ | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૯૫ | ૨૩૦૧૧ | વાસ્પા કચેરી અમરેલી | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૯૬ | ૦૧૧૪૪ | નરેશદાદા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૯૭ | ૩૦૩૨૮ | અપેક્ષા સ્ટુડીયો | દામનગર | વિનોદભાઈ જયપાલ | બાઉલ સેટ |
| ૯૮ | ૬૦૫૮૪ | અશ્વિનભાઈ સાવલીયા | પ્રતાપપરા | ગીરીન્યુઝ | બાઉલ સેટ |
| ૯૯ | ૨૭૦૪૮ | ડો.અંકિત મોગા | અમરેલી | નિર્મળ ન્યુઝ | બાઉલ સેટ |
| ૧૦૦ | ૦૫૧૭૦ | કે.કે.પેન્ટર | બગસરા | રૂપારેલીયા | બાઉલ સેટ |
| ૧૦૧ | ૫૬૧૪૪ | વેરાયટી ફુટવેર | રાજુલા | બાલાભાઈ ભટ્ટ | બાઉલ સેટ |

નોંધ :- ડ્રોના પરિણામ અંગે કોઈ ક્ષતિ હશે તો અવધ ટાઈમ્સ કાર્યાલયનું લીસ્ટ જ માન્ય ગણાશે

### લાખણોત્રા પરિવાર દ્વારા સ્વ.વાસુરભાઇ તથા સ્વ.પરિવારના પિતૃ મોક્ષાર્થે

# કોવાયામાં શ્રીમદ ભાગવદ જ્ઞાનયજ્ઞ યોજાશે

## શ્રીમદ ભાગવદ જ્ઞાન યજ્ઞમાં વ્યાસપીઠ પરથી જીજ્ઞેશદાદા(રાધે રાધે) સંગીતમય રસપાન કરાવશે



રાજુલા, (કનુભાઈ વરૂ)
રાજુલા ના કોવાયા ગામે લાખણોત્રા પરિવાર આયોજિત શ્રીમદ ભાગવત કથા પૂજ્ય જીગ્નેશ દાદા કથાનું રસપાન કરાવશે રાજુલા તાલુકાના કોવાયા ગામે સ્વ વાસુરભાઈ તથા સ્વ પરિવારના પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથા તારીખ ૧૭ ૪ થી તારીખ ૨૩ ૪ સમય સવારે ૯ થી ૧૨ કલાક સુધી માધવ નિવાસ ખાતે પરમ પૂજ્ય કથાકાર જીગ્નેશ દાદા રાધે રાધે કથા નું વાંચન શાસ્ત્રી સંગીતમાં કથાનું રસપાન કરાવશે આ પ્રસંગે કથાનું દીપ પ્રાગટ્ય પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્યશ્રી ગજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ જીણારામબાપુ મોંઘી મા ની જગ્યા મહંત શ્રી શિહોર દ્વીપ પ્રાગટ્ય કરાવશે તેમજ અતિથિ વિશેષ કથા શેરનાથ બાપુ ગોરખનાથ જુનાગઢ શ્રી વિજય બાપુ સતાધાર શ્રી રાજેન્દ્ર બાપુ વૃંદાવન બાગ રામપરા શ્રી ગોવિંદ બાપુ સતાધાર જોગેન્દ્ર બાપુ વારાસરુ પરમ પૂજ્ય ગુરુ ઉર્જા મૈયા તથા બીજલ ભગત રામાપીર ની જગ્યા શ્રી મનુ ગીરી ગોસ્વામી કોવાયા રાઘવેન્દ્ર મહારાજ આત્મા તપસી બાપુ ટેકરે શ્રી કણીરામ બાપુ દુધઈ મહામંડલેશ્વર વડતાલ દુધરેજ પરમ પૂજ્ય નાથબાપુ થવી વિરડી પરમ પૂજ્ય મહંત મંગળ ગીરીબાપુ નિંગાળા પરમ પૂજ્ય મહંત લહેરી ગીરીબાપુ જુનાગઢ પરમ પૂજ્ય મહેશ ગીરીબાપુ પીપાવાવ રામજી મંદિર ના મહંત સહિતના ખાસ સંતો આશીર્વાદ દેવા પધારશે તથા મૂળ કુળ ગોળ ભીખુરામ રામશંકર ઓઝા કોવાયા ખાસ વિધિ કરાવશે તેમ નામ નોંધણી બારોટને ચોપડે કરવામાં આવશે કથા નું આયોજન અને નિમંત્રણ શ્રી બાઘા ભાઈ વાસુભાઈ લાખણોત્રા તથા અરજણભાઈ તથા તથા બાબુભાઈ દદુભાઈ લાખણોત્રા લાખણોત્રા તથા રામભાઈ લાખણોત્રા તથા સુમરાભાઈ લાખણોત્રા તથા નાકરાભાઈ લાખણોત્રા જાહેર આમંત્રણ નિમંત્રણ છે જીગ્નેશ દાદા ની કથા નો લાભ લેવો એ પણ ખૂબ જ મહત્વનો છે તો પધારવા લાખનોત્રા પરિવારની વિનંતી

## સારહિ તપોવન આશ્રમમાં ફ્રુટ વિતરણ



અમરેલી,સેવાને સરનામે—ઉમળકા સાથે જન્મ દિવસ નિમિતે કપિલભાઈ જેન્તીભાઈ જાવિયાનાં સહ પરિવાર તરફથી ફ્રૂટ વિતરણ તપોવન આશ્રમ નાં તપસ્વી ૠષીઓ ને ખવડાવી ને આશીર્વાદ મેળવેલ સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્રદ્રષ્ટા-પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી.સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

# ઇન્ડિયન પોટાશ લી. દ્વારા ખાતરના સૌથી વધુ વેચાણ બદલ ગુજકોમાશોલને એવોર્ડ અપાયો

## અલમાટી કઝાકિસ્તાન ખાતે બિઝનેશ મીટમાં એવોર્ડ આપી સન્માન



અમદાવાદ, (રાજેશ મહેતા)ઈન્ડિયન પોટાશ લી. દ્વારા વિતરિત પોલીહેલાઈટ ખાતરનું વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગુજરાતમાં સૌથી વધારે વેચાણ કરવા બદલ તા.૧૫-૩-૨૦૨૪ના રોજ અલમાટી-કઝાકિસ્તાન ખાતે આયોજીત બિઝનેશ મીટમાં ગુજકોમાસોલને પ્રથમ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ તેમ ચિફ એકઝીકયુટીવે જણાવ્યું છે.

# બગસરામાં બાયોડિઝલના ગુનામાં બન્ને આરોપીઓના જામીન મંજુર

### બાયોડિઝલનું ટેન્કર કબ્જે કરી ગુનો દાખલ કરેલો



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા પોલીસ સ્ટેશન માં તારીખ ૧૧/૦૩/૨૦૨૪ ના રોજ હામાપુર રોડ ઉપર થી બાયોડીઝલનું ટેન્કર કબજે કરવામાં આવેલું અને બગસરા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧ ૯૩૦૦૯૨૪૦૦૪૫/૨૦૨૪થી બગસરા પોલીસ સ્ટેશનમાં આઈપીસી ની કલમ ૨૭૮ ૨૮૫ ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૩,૭,૧૧ મુજબ આરોપી કાંતિભાઈ ગોવિંદભાઈ દલસાણીયા તથા કનકરાય ઉર્ફે કાનો કાંતિલાલ દલસાણીયા રહેવાસી વિરપુર વાળા વિરુદ્ધ ઉપરોક્ત ગુનો દાખલ કરેલ જેમાં તારીખ ૧૫/૦૩/૨૦૨૪ ના રોજ આરોપીને નામદાર કોર્ટમાં રજૂ કરતા બંને આરોપીને બગસરાના સિનિયર એડવોકેટ અશોક એચ પંડ્યા ની દલીલો માન્ય રાખી બગસરાના નામદાર એસ આર ચૌધરી બંને આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ છે

### વાહ ક્યા સીન હૈ..!

## આશા



વિક્ટર વિભાગમાં ફરજ બજાવતા અને પર્યાવરણ પ્રેમી વિક્ટર ગામના જાગૃત નાગરિક મંગાભાઈ ધાપા અને જયાબેનની લાડકી દીકરી આશાનો આજે તા.૨૦-૦૩ ના રોજ જન્મ દિવસ છે.જન્મ થી વિકલાંગ આશા ખુબજ માયાળુ અને ઈશ્વરની કૃપાથી દ્વારકાધીશ ભગવાન અને માં મેલડી પ્રત્યે અપાર શ્રધ્ધા ધરાવે છે.તેમની માતા જયાબેન,પિતા મંગાભાઈ ,ભાઈઓ - ભાવેશભાઈ,રાજુભાઈ તેમજ હંસાબેન અને શાંતુબેન,આશાને ખુબજ લાડ - કોડથી સાચવીને ધર્મ સ્થાનોએ લઈ જઈને દર્શન કરાવે છે.ભત્રીજો - મિત અને ભત્રીજીઓ રવિના,શ્રધ્ધા,અને રિયાંસી આશા ફઈની સાથે અતિ આનંદ,ખેલ - ખુદ કરી,દિવ્યાંગતાને ભુલાવી દઈને મોજ - મસ્તી કરીને આજે જન્મ દિવસ પર જન્મ દિવસ પર મંગાભાઈ ધાપા પરિવાર લાડકી આશાને અપાર પ્રેમ આશીર્વાદ આપી, પક્ષીઓને ચણ - પાણી,શ્વાનોને જમાડી,બાળકોને ચોકલેટ - બિસ્કીટ ખવરાવી જન્મ દિવસની ઉજવણી કરશે.

### શિક્ષીકા જાગૃતિબેન રાજયગુરૂના પ્રયાસોથી

# રાજુલાની સરકારી કન્યા શાળા નંબર ત્રણની વિદ્યાર્થીનીઓએ દિલ્હીનો હવાઇ પ્રવાસ કર્યો

## ૬૦ વિદ્યાર્થીનીઓએ પ્લેનમાં બેસી નવુ સંસદભવન, રાજસભા, લોકસભાની પણ મુલાકાત લીધી



રાજુલા,
રાજુલા કન્યાશાળા નં.૩ની વિદ્યાર્થીનીઓનો દિલ્હીનો હવાઈ પ્રવાસ યોજાયો હતો. શાળાના શિક્ષીકા જાગૃતિબેન રાજયગુરૂનું સ્વપ્નુ હતું કે મારી વિદ્યાર્થીનીઓને હવાઈ પ્રવાસ કરાવવો છે. વિવિધ સ્પર્ધાઓ તથા સાહિત્યક ક્ષેત્રે મળેલા પુરસ્કારોની રમક એકત્ર કરી અને પોતાએ વાપરવાના બદલે શાળાની વિદ્યાર્થીઓને પ્લેન બેસાડી દિલ્હી લઈ ગયા અને દિલ્હીમાં વિવિધ સ્થળો નિહાળ્યાં હતાં. ૬૦ વિદ્યાર્થીનીઓનો આ અવિશ્વણીય પ્રવાસ યોજાયો હતો. જેમાં અમદાવાદથી દિલ્હી ફાલાઈટમાં લઈ ગયા બાદ દિલ્હીમાં નવા બનેલ સંસદભવન તથા રાજસભા અને લોકસભા ગૃહની પણ મુલાકાત લીધી હતી. સાથે બાળકોને મેટ્રો ટ્રેનની યાદગાર સફર પણ કરાવી હતી. આ પ્રવાસમાં શાળા પરિવાર તરફથી અને અન્ય વાલીગણ તથા મહાનુભાવો તરફ આર્થિક યોગદાન મળ્યું હતું. રાજુલા કન્યાશાળા નં.૩ રાજુલા શાળા પરિવાર પર મુકેલા વિશ્વાસ અને સહયોગ સાથે સહાય રૂપ થવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજુલા કન્યા શાળાના શિક્ષીકા શ્રી જાગૃતિબેન રાજયગુરૂ અને પુસ્તકો લખી ચુકયા છે. તેના અનેક પુસ્તકોને એવોર્ડ પુરસ્કારો પણ મળ્યા છે અને રાજય રાષ્ટ્ર કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષીકા તરીકે પણ સ્થાન મેળવી ચુકવેલા જાગૃતિબેને પોતાને મળેલા પુસ્સકારની રકમ પોતે વાપરવાના બદલે તેમણે સંકલ્પ કરેલો કે મારી વિદ્યાર્થીનીઓને હવાઈ સફર કરાવી છે. વર્ષોથી આ સંકલ્પ યથાવત રાખી સમય આવ્યો અને સંકલ્પ સાકાર થયો હોય તેમ મોટુ આર્થિક યોગદાન જાગૃતિબેને આપ્યુ અને વાલીઓ શાળાનો તેમજ દાતાશ્રીઓનો સહયોગ લઈ પ્રાથમિકશાળાની બાળકીઓને હવાઈ પ્રવાસ કરાવી પોતાની મહેચ્છા પુરી કરી હતી. આમ પ્રવાસ પાછળ મોટા યોગદાનને વાલી ઓ તથા આમ જનતાએ બિરદાવેલ છે.

# કૃષિ જણસોની ટેકાના ભાવે ખરીદી કરાશે

## ગુજકોમાસોલ દ્વારા ટેકાના ભાવથી ખરીદીનું આયોજન

અમદાવાદ,(રાજેશ મહેતા)
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આવક બમણી કરવાના નિધરિને સાકાર કરવા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા ખેડૂતોની આવક અને સુખાકારીમાં વધારો કરવા સંખ્યાબંધ યોજના અમલમાં લાવવામાં આવેલ છે અને સદર યોજનાઓ થકી છેવાડાના ખેડૂતોને પણ આ યોજનાઓનો લાભ મળે તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સનિષ્ઠ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. અને સહકાર એકબીજાના પૂરક છે. દેશમાં સહકારી પ્રવૃત્તિઓને વેગ મળે અને સહકારી ક્ષેત્ર મજબૂત.બને તે માટે માન. વડાપ્રધાનશ્રી દ્વારા અલગ સહકાર મંત્રાલયની રચના કરવામાં આવેલ છે. આમ સહકારી ક્ષેત્રનો વિકાસ થાય, સહકારી ક્ષેત્ર મજબૂત બને અને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ ખેડૂતોની સહકારી સંસ્થાઓ મજબૂત બને તે દિશામાં એક પહેલ કરવામાં આવેલ છે અને તેને આગળ ધપાવવામાં દેશમાં ગૃહમંત્રી તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા નક્કર કામગીરી હાથ ધરવામાં આવેલ છે.રાજયમાં પણ સરકારશ્રીની ટેકાના ભાવની યોજના અંતર્ગત જુદી-જુદી ખેતપેદાશોની ખરીદી કરી ખેડૂતોનો પોતાની ખેત-પેદાશના પોષણક્ષમ ભાવો મળે તે માટે રાજય સરકારે પણ ખૂબ જ કામગીરી કરેલ છે. રાજયના ખેડૂતોની આવક અને સુખાકારીમાં વધારો થાય તે માટે રાજય સરકાર અને રાજયની સહકારી સંસ્થાઓ દ્વારા ખભેથી ખભા મિલાવીને કામ કરવામાં આવી રહ્યું છે.ગુજકોમાસોલ કેન્દ્ર સરકાર તથા રાજય સરકારશ્રીના સંયુક્ત સહયોગથી નોડલ એજન્સી તરીકે ગુજરાતમાં ટેકાના ભાવની વિવિધ જણસીઓની ખરીદી કરતું આવ્યું છે. ચાલુ વર્ષ માં પણ ચાલુ સીઝને તુવેર, ચણા અને રાયડાની ખરીદી માટે રાજય નોડલ એજન્સી તરીકે ગુજકોમાસોલની નિમણૂંક કરવામાં આવેલ છે. સદર ખરીદી તા. ૧૮-૩-૨૦૨૪ થી આગામી ૯૦ દિવસ સુધી તુવેરમાં ૧૪૦, ચણામાં ૧૮૭ અને રાયડામાં ૧૧૦ ખરીદ કેન્દ્રો ખાતેથી થશે. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ. ૧૭૧૫ કરોડની ૨.૪૫ લાખ મે.ટન રૂ઼. ૧૭૬૨ કરોડની ૩.૨૪ લાખ મે.ટન ચણા અને રૂ઼. ૮૫૩ કરોડની ૧.૫૧ લાખ મે.ટન જેટલા રાયડાની ખરીદી કરાશે. જેમાં રાજ્યના અંદાજીત ૩.૨૫ લાખ ખેડૂતોને તેનો લાભ મળશે.

## છેલ્લા પાનાનું શાંતી સમિતિ

ઉજવાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું જાફરાબાદમાં ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ શ્રી જે. આર. ભાચકન તેમજ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.એસ.ઈશરાણી તેમજ પોલીસ સ્ટાફ ફોસ દ્વારા બજારમાં પેટ્રોલિંગ કરાયું હતું આ મિટિંગમાં વિશ્વહિન્દુ પરિષદ બજરંગદળ તેમજ ઈતર સમાજ તેમજ વેપારી આગેવાનો તમામ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.


રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૯૯-૨૦૨૪
અરજદાર : શ્રી લવજીભાઈ જીવાભાઈ વાગડીયા રહે. રાજુલા ,તા. રાજુલા
અરજદારના વિ.વ.શ્રી પ્રવિણભાઈ આર. ત્રિવેદી
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધીકારીશ્રી નગરપાલીકા રાજુલા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના રહીશ શ્રી લવજીભાઈ જીવાભાઈ વાગડીયાએ તેમના પીતા નામે સ્વ.જીવાભાઈ માધાભાઈ વાગડીયા નું મરણ તા.૨૦-૦૬-૧૯૯૧ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ શ્રી પ્રવિણભાઈ આર. ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા મરણ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૧૯-૦૩-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ.પીઠાભાઇ પી.ચાવડા**
સ્વ.તા.૧૮-૦૩-૨૦૨૪
સોમવાર

અમારા પરમ પુજ્ય પિતાશ્રી પીઠાભાઇ પી.ચાવડા તા.૧૮-૦૩-૨૦૨૪ ને સોમવારનાં રોજ સ્વર્ગવાસ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

**સદ્ગતનું બેસણું**
તા.૨૧-૦૩-૨૦૨૪ને ગુરૂવારે...સમય : સાંજનાં ૪:૦૦ થી ૬:૦૦ કલાકે
સ્થળ : ડો.આંબેડકર સમાજ વાડી, અંધશાળા સામે, ચિતલ રોડ, અમરેલી.

લી.
સુબોધભાઇ પી.ચાવડા (પુત્ર) — લક્ષ્મીબેન એસ.ચાવડા (પુત્રવધુ)
પ્રકાશભાઇ પી.ચાવડા (પુત્ર) — હેતલબેન પી.ચાવડા (પુત્રવધુ)
રામજીભાઇ એ.સોલંકી (જમાઇ) — આશાબેન આર.સોલંકી (પુત્રી)
કાળુભાઇ આર.પરમાર (જમાઇ) — જ્યોતિબેન કે.પરમાર (પુત્રી)
તથા ચાવડા પરિવાર - અમરેલી, મો.૯૯૭૪૭ ૦૭૦૪૨

## છેલ્લા પાનાનું ટેન્કર લીકેજ

બજાવી હતી. લીલીયાનાં મામલતદારશ્રી અને તમની ટીમ દ્વારા એલપીજી ભરેલા ગુડ્સ વેગન લીક થતા ફીલ્મોની માફક ધડાધડ તકેદારીનાં પગલા લેવાયા હતાં. ઉપ ટેન્કરો ભરેલી આ ટ્રેનમાં જો આગ લાગે તો મોટી જાનહાની થાય તેવી શકયતા હતી જેથી ટ્રેનની ૨૦૦ મીટરની ત્રીજ્યામાં કોર્ડન કરી મોબાઈલનો ઉપયોગ બંધ કરાવી રેલ્વે ટ્રેક ઉપરથી પસાર થતી ઈલેક્ટ્રીક લાઈનનો વિજપ્રવાહ બંધ કરાવી અને નજીકનાં રેલ્વેફાટકો બંધ કરાવી દેવામાં આવ્યાં હતાં. તથા નજીક આવેલ પીપાવાવલીપ એગ્રી પ્રાઈવેટ લીમીટેડનાં સંબંધીતોને તાકિદની સુચના આપી આસપાસનાં વિસ્તારમાં પણ વિજપુરવઠો ઠપ્પ કરાવી પીપાવાવ પોર્ટથી નિષ્ણાંતોની ટીમ બોલાવી લીકેજ બંધ કરાવ્યું હતું અને રેલ્વેતંત્રએ આ ટ્રેનને આગળ મોકલવી હિતાવહ ન જણાતા પરત પીપાવાવ મોકલવાનું નક્કી કર્યુ હતું અને ત્યાર બાદ રેલ્વે ટ્રાફિક શરૂ કરાયો હતો.

### નામ બદલાવેલ છે

આથી અમો નીચે સહી કરનાર કાદર બક્ષુભાઇ કુંડલીયા જાહેર કરૂ છુ કે મે મારૂ નામ કાદર બકસુભાઇ કુંડલીયા માંથી બદલાવીને કાદર બક્ષુભાઇ કુંડલીયા (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું મારૂ નામ કાદર બક્ષુભાઇ કુંડલીયા (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : કાદર બક્ષુભાઇ કુંડલીયા
એડ્રેસ : આમલી પેઠા, મુ.જાફરાબાદ, તા.જાફરાબાદ
જી.અમરેલી - પીન ૩૬૫૫૪૦

રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૭૦-૨૦૨૪
અરજદાર : શ્રી ધીરજલાલ શામજીભાઈ ઘોઘારી રહે.ધારેશ્વર ,તા. રાજુલા
અરજદારના વિ.વ.શ્રી રાજેશ આર. પરમાર
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ધારેશ્વર ગ્રામ પંચાયત, તા.રાજુલા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધારેશ્વર ગામના રહીશ શ્રી ધીરજલાલ શામજીભાઈ ઘોઘારીએ તેમના બહેન નામે શ્રી કાન્તાબેન શામજીભાઈ ઘોઘારી નો જન્મ તા.૨૫-૧૦-૧૯૭૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ શ્રી રાજેશ આર. પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા....-....-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા


દરેક પ્રકારનાં વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝી કૂલર બનાવનાર...



SINCE 1999
ઓથો. ડીલર :
Haier VOLTAS Rockwell HI-FROST BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭


## નવમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

॥ જય ગીરનારી ॥    ॥ જય ગીરનારી ॥



જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા સૌ યાદ કર્યા કરે, ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી, સુખ દુઃખમાં સદા હસતા રહયા, આપની હયાતી અમારા સૌ માટે પ્રેરણા હતી, આપનો ધર્મ પ્રીય પરોપકારી અને માયાળું સ્વભાવ હંમેશા અમારા જીવનમાં યાદોની સંજીવની બની રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**સ્વ. હસમુખભાઇ ડાયાભાઇ દવે**
**(પત્રકાર) સ્વ.તા.૨૦/૩/૧૫ મુ.ધારી**

લી.
ગં.સ્વ.રસીલાબેન હસમુખભાઇ દવે (પત્ની)
કૌશિક હસમુખભાઇ દવે (પુત્ર) - ધર્મિષ્ઠા કૌશિકભાઇ દવે (પુત્રવધુ)
ચંદુભાઇ ડાયાભાઇ દવે (ભાઇ) - સુરેશભાઇ ડાયાભાઇ દવે (ભાઇ)
અરવિંદભાઇ ડાયાભાઇ દવે (ભાઇ)
સુર્યકાન્તભાઇ ઘનશ્યામભાઇ મહેતા (બનેવી) - મધુબેન સુર્યકાન્તભાઇ મહેતા (બહેન)
પરેશભાઇ અશોકભાઇ મહેતા (જમાઇ) - શિવાની પરેશભાઇ મહેતા (પુત્રી)


જય ઉમિયા માતાજી   ૐ નમો નારાયણ   જય નાગનાથ મહાદેવ   94281 90118
યુવાનોને ક્રેઝી બનાવવાનું સરનામું એટલે...



ઉમિયા ફેશન
એક જ ભાવ   સાઇઝ S TO 5XL
લગ્ન સરાની સીઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
ફોર્મલવેરના સ્પેશ્યાલીસ્ટ
◆ કોટન ટ્રાઉઝર ◆ કેઝ્યુઅલ શર્ટ ◆ જીન્સ
◆ ફેન્સી શર્ટ ◆ ટી-શર્ટ
તેમજ ટ્રેકપેન્ટની વિશાળ રેન્જ જોવા પધારો.



સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE ▮ SPARE ▮ INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com



આપના વાહનમાં કાર્બન કલીનીંગ કરાવો અને વાહનનું આયુષ્ય વધારો...
વિકસીત દેશોમાં પ્રચલીત અને ભારતમાં ધુમ મચાવતી આ ટેકનોલોજી હવે આપણા અમરેલી શહેરમાં ઉપલબ્ધ. હાઇડ્રોઓક્સી ગેસની મદદથી સરળ અને સલામત રીતે એન્જીનમાં જમા થયેલ કાર્બનની જડમુળથી સફાઇ

કાર્બન કલીનીંગથી થતા ફાયદાઓ
- પીક - અપ વધે છે.
- એવરેજ વધે છે.
- ધુમાડો (પોલ્યુશન) ઘટે છે.
- વાયબ્રેશન, લોકીંગ ઘટે છે.
- એન્જીન ઓઇલનો વપરાશ ઘટે છે.
- એન્જીનનાં ખર્ચાળ રીપેરીંગ ઘટે છે.
- એન્જીનનો અવાજ ઘટે છે.
- એન્જીનની તાકાત વધે છે.
- એન્જીનની કાર્યદક્ષતા વધે છે.
- એન્જીનનું આયુષ્ય વધે છે.



એન્જીનનું કાર્બન કલીનીંગ થયા પછી ડ્રાઇવીંગ કરવામાં એક અનેરો અહેસાસ મહેસુસ થાય છે.
અદ્યતન ટેકનોલોજીથી માત્ર એન્જીનનું 30 કાર્બન કલીનીંગ મેળવો નવા એન્જીન જેવું પરફોર્મન્સ તે પણ એન્જીન ખોલ્યા વિના.
વધુ વિગત માટે આજે જ સંપર્ક કરો
ગુલઝાર કાર ટાયર કેર
અયુબભાઇ ટાંક મો.૯૮૨૪૪ ૫૮૫૩૦
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, જી.ઇ.બી.ગલી કોર્નર, અમરેલી



MARUTI SUZUKI ARENA   BREZZA
WICKEDLY POWERFUL



Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી





MGA મધુવન ગોલ્ડ આર્ટ Since : 2000
શુભ મંગલ ને વધાવે, "મધુવન" હર નારી ને દીપાવે
02792 - 222208   94264 23006
madhuvan gold art   madhuvangold.in



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...



એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



સોલર ઓટો કલીનીંગ સિસ્ટમ
શું તમે જાણો છો કે સ્વચ્છ સોલાર પેનલ 30% વધુ ઉર્જા પેદા કરે છે.
સોલાર ધોવાની ઝંઝટમાંથી મુક્તિ
એક સ્વિચ ચાલુ કરો અને સોલારની બધી જ પ્લેટ બે મિનિટ માં સાફ
વીજ ઉત્પાદનમાં 20% થી 30% નો વધારો



સમયનો બચાવ
સલામતી
પૈસાની બચત
લાભમ્ એન્ટરપ્રાઇઝ : મો.૯૪૨૮૮ ૮૮૦૯૮

Solar Water Heater
Showers and Savings
Powered by the sun
'આજે નહી તો કાલે, સોલાર વિના નહી ચાલે'



સોલાર વોટર હીટર
Easy to install
On site service
Saves Electricity
Leads To Fast Heating
લાભમ્ એન્ટરપ્રાઇઝ : મો.૯૮૯૮૧ ૧૫૬૩૧
National Portal for Rooftop Solar
રજીસ્ટ્રેશન ચાલુ થઇ ગયું છે.
subsidy₹:78000
લાભમ એન્ટરપ્રાઇઝ મો.૯૪૨૮૮ ૮૮૦૯૮



રજી.સે.શ.૩૬૭૫૨   ॥ સત્યમેવ જયતે ॥   ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

